# ૧૧ માસનાં કરાર આધારિત કોમ્યુનીટી હેલ્થ ઓફિસરની ભરતી અંગેની જાહેરાત

નેશનલ હેલ્થ મિશન અંતર્ગત કોમ્યુનીટી હેલ્થ ઓફિસરની તદ્દન હંગામી ધોરણે ૧૧-માસના કરાર આધારિત અને માસિક ફિક્સ મહેનતના નુજાબની જગ્યાઓ પસંદગી યાદી તથા પ્રતીક્ષા યાદી બનાવવાની થાય છે. માન્ય લાયકાત ધરાવનાર ઉમેદવારોએ જાહેરાત પ્રસિદ્ધ થયેથી દિન-૧૦ માં HRMS સોફ્ટવેર ની લીંક https://arogyasathi.gujarat.gov.in પર ઓનલાઈન અરજી કરવાની રહેશે.

| અ. નં | જગ્યાનુ નામ | કુલ જગ્યા | શૈક્ષણિક લાયકાત અને અનુભવ | માસિક વેતન |
|---|---|---|---|---|
| 1 | કોમ્યુનીટી હેલ્થ ઓફિસર | 04 | 1. BAMS/GNM/B.Sc નર્સિંગની સાથે SIHFW વડોદરા તથા IIPH ગાંધીનગર દ્વારા CCCH પાસ કરેલ બોન્ડેડ ઉમેદવારોને પ્રાથમિકતા આપવામાં આવશે.<br>2. ભારત સરકાર દ્વારા CCCH નો કોર્ષ B.Sc Nursing તથા Post Basic ના કોર્ષમાં જુલાઈ-૨૦૨૦ થી સામેલ કરેલ હોય જુલાઈ-૨૦૨૦ કે ત્યારબાદ પાસ થયા હોય તેવા B.Sc Nursing પાસ ઉમેદવાર.<br>3. ગુજરાત આયુર્વેદિક અને યુનાની કાઉન્સિલ/નર્સિંગ કાઉન્સીલના અધ્યતન રજીસ્ટ્રેશન કરાવેલ હોવું જોઈએ. | રૂ. ૩૦,૦૦૦/- માસિક વેતન અને વધુમાં વધુ રૂ. ૧૦,૦૦૦/- સુધી પર્ફોમન્સ લીંક ઇન્સેન્ટીવ |

ઉપરોક્ત લાયકાત ધરાવતા ઉમેદવારો ૧૭/૧૦/૨૦૨૪ થી ૨૭/૧૦/૨૦૨૪ રાત્રીના ૧૧:૫૯ કલાક સુધીમાં HRMS સોફ્ટવેર ની લીંક https://arogyasathi.gujarat.gov.in પર ઓનલાઈન અરજી કરવાની રહેશે તથા જરૂરી લાયકાત ભરવાની રહેશે.

૧. BAMS/GNM/B.Sc નર્સિંગ/ પોસ્ટ બેઝીક B.Sc નર્સિંગ છેલ્લા વર્ષ માર્કશીટ તેમજ ટ્રાયલ સર્ટીફીકેટ જોડવાનું રહેશે. જે યુનિવર્સીટી માં SGPAઆપવામાં આવતા હોય તેવા ઉમેદવારોએ છેલ્લા વર્ષના SGPA ને ટકાવારીમાં દર્શાવવા માટે સૂત્ર -> (SGPA-0.75) x 10 નો ઉપયોગ કરીને ફક્ત છેલ્લા વર્ષ / છેલ્લા સેમિસ્ટરની ટકાવારી ઉમેદવારે દર્શાવવાની રહેશે.

૨. CCCH પાસ કરેલ પ્રમાણપત્રની તેમજ CCCH પાસ કરેલ માર્કશીટની પ્રમાણિત નકલ જોડવાની રહેશે.

૩. શાળા છોડ્યાના પ્રમાણપત્ર ની પ્રમાણિત નકલ તથા ફોટો આઈડી કર્ડની પ્રમાણિત નકલ જોડવાની રહેશે.

ભરેલ વિગતોને આધારે મેરીટ લીસ્ટ તૈયાર કરવામાં આવશે. ઉમેદવારો દ્વારા ભરેલ વિગતોમા રૂબરૂ ચકાસણી દરમ્યાન વિસંગતતા જણાશે તો તે ઉમેદવારનું અરજીફોર્મ રદ ગણવામાં આવશે. જે ઉમેદવારોને બંધનકર્તા રહેશે. કરાર આધારિત નિમણુક હોવાથી અન્ય કોઈ હક્ક હિત મળવાપાત્ર રહેશે નહિ તથા કરારની મુદ્દત પૂરી થયે આપોઆપ નિયુક્તિ મુદ્દત સમાપ્ત થશે. કરાર પૂર્ણ થયે પર્ફોમન્સ નાં આધારે વધુ ૧૧ માસ માટે નવો કરાર કરી શકાશે. ભરતી બાબતના તમામ અધિકાર જીલ્લા વિકાસ અધિકારી, જીલ્લા પંચાયત નવસારી નાં અબાધિત રહેશે.

શરતો અને નિયમ :-

(૧) આ જગ્યાઓ કફ્ત ૧૧ માસના કરાર આધારીત છે. ૧૧ માસ બાદ કરાર આધારીત નિમણુંકનો આપોઆપ અંત આવશે, કાયમી નોકરી માટેનો હક્ક દાવો કરી શકાશે નહિ.

(૨) ઉમેદવારની ફક્ત ઓનલાઈન https://arogyasathi.gujarat.gov.in પર મળેલ અરજી જ સ્વીકારવામાં આવશે. રૂબરૂ, આર.પી.એ.ડી.,સાદી ટપાલ, કે કુરિયર થી મળેલ અરજી માન્ય રાખવામાં આવશે નહિ.

(૩) અધુરી વિગતોવાળી અરજી અમાન્ય ગણાશે.

(૪) સુવાચ્ય ઓરીજીનલ ડોક્યુમેન્ટની ફોટો કોપી સોફ્ટવેરમાં ફરજીયાત અપલોડ કરવાની રહેશે.

આ જગ્યાની ભરતી પ્રક્રિયાનાં અનુસંધાને આ જાહેરાતમાં અને ભરતી પ્રક્રિયામાં કોઇ પણ કારણોસર તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થાય કે જાહેરાત રદ કરવાની જણાય તો તેમ કરવાનો સંપુર્ણ હકક/ અધિકાર જિલ્લા વિકાસ અધિકારીશ્રી, નવસારીનો રહેશે. અને આ માટે કોઇ કારણો આપવા બંધાયેલ નથી.

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી
જિલ્લા પંચાયત નવસારી